## તક્ષશિલા હાયર સેકન્ડરી સ્કૂલ બાયડ સામાન્ય પ્રવાહ (આર્ટસ)નું ૧૦૦ % પરિણામ



બાયડ સ્થિત તક્ષશિલા વિદ્યાલય છેલ્લા ૨૦ વર્ષથી ઉજ્જવળ પરિણામ માટે જાણીતી છે વિજ્ઞાન પ્રવાહમાં જવલંત સફળતા મેળવ્યા બાદ આજરોજ માર્ચ ૨૦૨૨ માં લેવાયેલી એચ.એસ.સી બોર્ડ પરીક્ષા સામાન્ય પ્રવાહ પરિણામ જાહેર થયું સામાન્ય પ્રવાહના આર્ટસ વિદ્યાર્થીઓએ પણ જિલ્લામાં મેદાન માર્યુ છે જેમાં પ્રથમ ક્રમે નિનામા સેજલ રાજેશભાઈ ૯૭.૭૩ પર્શન્ટાઈલ બીજા ક્રમે વસૈયા સ્નેહાબેન મુકેશભાઈ ૯૪.૭૦ પર્શન્ટાઈલ ત્રીજા ક્રમે બારોટ હર્ષ અલ્પેશભાઈ ૯૪.૪૧ પર્શન્ટાઈલ ઉજ્જવળ પરિણામ મેળવી જિલ્લામાં તક્ષશિલા વિદ્યાલય નું ગૌરવ વધાર્યુ હતું સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી અતુલભાઈ પટેલ સાહેબે તથા મેનેજિંગ ડિરેક્ટર શ્રી તપનભાઇ પટેલ સર્વ વિદ્યાર્થીઓને આવું ઉજ્જવળ પરિણામ મેળવવા બદલ અભિનંદન પાઠવ્યા હતા આચાર્ય શ્રીમતી અંકિતાબેન પટેલ તથા મેમ્બર ઓફ મેનેજમેન્ટ શ્રી જગદીશભાઈ સોલંકી તથા સર્વ શિક્ષક મિત્રોએ પણ વિદ્યાર્થીઓને આ સુંદર પરિણામ લાવવા બદલ તેમની સિદ્ધિને બીરદાવી હતી.

## પ્રાંતિજ ખાતે આપની પરિવર્તન યાત્રા યોજાઇ



સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આમ આદમી પાર્ટી ની પરિવર્તન યાત્રા નિકળી હતી જેમા આપ કાર્યકરો આગેવાનો સમર્થકો ઉપસ્થિત રહ્યા હતા. વિધાનસભાની ચુંટણી નજીક આવી રહી છે ત્યારે ગુજરાત ભરમાં રાજકારણ મા ગરમાવાની સાથે રાજકિય પક્ષો લોક સંપર્ક ના કાર્યકમો યોજી રહ્યા છે ત્યારે પ્રાંતિજ ખાતે પણ આપ દ્વારા પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ત્રણ રસ્તાઉપરથી આમ આદમી પાર્ટી ની પરિવર્તન યાત્રા બાઈક - કાર ઢોલ- નગારા , ડીજે સાથે પરિવર્તન યાત્રા રેલી સ્વરૂપે નિકળી હતી જેમા ભેમાભાઇ , કરશનભાઈ , હિતેન્દ્રસિંહ પરમાર , સુરજસિંહ ઝાલા , દેવાંગ પટેલ , અલ્પેશ પટેલ સહિત પ્રાંતિજ તથા તાલુકા જિલ્લા માંથી આપ કાર્યકરો આગેવાનો સમર્થકો કાર તથા બાઈક લઈ ને જોડાયા હતા અને ત્રણ રસ્તા થી રેલ્વેસ્ટેશન સુધી આપની પરિવર્તન યાત્રા યોજાઈ હતી.

## ધાનેરા નગરપાલિકા દ્વારા યોજાયેલ સેવા સેતુ કાર્યક્રમનો ફિયાસ્કો...




ધાનેરા નગરપાલિકા દ્વારા આજે ૮ મા તબક્કાનો શહેરી વિસ્તારનો સેવા સેતુ કાર્યક્રમ ધાનેરાની ભીલ વાસ પ્રાથમિક શાળા ખાતે યોજાયો હતો . આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે, ભીલવાસ પ્રાથમિક શાળાના સેવાસેતુ કાર્યક્રમમાં નગરપાલિકાના સત્તાધીશો તેમજ અધિકારીઓ માત્ર દિપ પ્રાગટ્ય કરી ચાલતી પકડી હતી. અને લોકો ના આવતા કાર્યક્રમો ફિયાસકો થતો જોવા મળ્યો હતો.અમારી ટીમ દ્વારા જગ્યા ચેક કરવામાં આવતા લોકો સેવા સેતુ કાર્યક્રમ માં લોકો ની ગેરહાજરી જોવા મળી હતી તો કેટલાક ટેબલો પર કર્મચારીઓ ખાલી જોવા મળ્યા હતા. તો કેટલીક જગ્યા પર તો ટેબલ જ ખાલી જોવા મળ્યા હતા સરકાર દ્વારા સેવા સેતુ કાર્યક્રમ કરી લોકોને એક જ જગ્યાએ તમામ પ્રકારની સુવિધા મળી રહે તેવા હેતુ સાથે ખર્ચ કરવામાં આવી રહ્યો છે. પરંતુ સરકારના ખર્ચ ક્યાંકને ક્યાંક એળે જતું હોય તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે સેવા સેતુ કાર્યક્રમ ની ધાનેરા વાસીઓ ને કોઈ જાણ ન કરતા કોઈ પણ લોકો આવ્યા ન હતા તો બીજી તરફ સેવાસેતુ કાર્યક્રમમાં લોકોના આવતા ટેબલ પર બેસેલા કર્મચારીઓ પણ મોબાઈલમાં વ્યસ્ત જોવા મળ્યા

## સરડોઈમાં આઉટ પોસ્ટ હોવા છતાં લોકોની સ્થિતિ, જાગતે રહો, પોલિસ ઊંઘતી રહો..!! બુકાનીધારોનો ખૌફ..!!




અરવલ્લી જિલ્લામાં ક્રાઈમ રેશિયો સતત વધી રહ્યો હોય તેવું સ્પષ્ટ લાગે છે, મોડાસા તાલુકાના સાયરા તેમજ શહેરી વિસ્તારોમાં સાયલેન્સર ચોરતી ટોળકી તેમજ ભિલોડા પંથકમાં હત્યા જેવી ઘટનાઓએ જોર પકડ્યું છે, ત્યારે મોંઘવારીના માર વચ્ચે ગ્રામ્ય વિસ્તારોમાં તસ્કર ટોળકી સક્રિય થઈ હોવાની બૂમો પડી રહી છે. મોડાસા તાલુકાના સરડોઈ ગામે છેલ્લા કેટલાક દિવસોથી બુકાનીધારી તસ્કર ટોળકી સક્રિય થતાં લોકોની ઉંઘ ઊડી ગઈ છે. મોડાસાના સરડોઈ વિસ્તારમાં બુકાનીધારી તસ્કર ટોળકી સક્રિય થતાં લોકોમાં ભય ફેલાયો છે. સરડોઈ ડુંગરની તળેટીના રહેણાંક રાજપૂત ફળી, પંચાલફળી, ભરવાડવાસ, ઈન્દીરાનગર વિસ્તારમાં રાત્રીના સમયે ગેંગ તરખાટ મચાવી રહી છે. રાત્રીના બાર થી ત્રણ વાગ્યાના સુમારે આ બુકાનીધારી ટોળકીના સાગરીતો ઘરો ઉપર પથ્થરો નાખે છે., બે ત્રણ વાર આવા પ્રયાસો થયા હતા, પરંતુ લોકો જાગી જતાં અંધારામાં અવાવરું જગ્યાએ નાસી ગયા હતા. પોલીસ દ્વારા સઘન પેટ્રોલિંગ કરાય તેવી લોકમાંગ ઉઠી છે. જૂના પોલીસ સ્ટેશન વિસ્તાર તેમજ ઈન્દીરાનગર ના છેવાડાના વિસ્તારને નિશાન બનાવી ચોરીના પ્રયાસ કરતાં લોકો ત્રસ્તતા અનુભવે છે. આ વિસ્તારમાં પોલીસ દ્વારા યોગ્ય બંદોબસ્ત ગોઠવાય તેવી લોકમાંગ ઉઠી છે.

# ધો.૧૨ બોર્ડ પરિણામ : આકરૂન્દ હાઈસ્કુલના કોમર્સ વિભાગનું ૧૦૦ ટકા, આર્ટસ વિભાગનું ૯૩ ટકા ઝળહળતું પરિણામ

## શિક્ષકોની મહેનત રંગ લાવી, ઉંચા પરિણામથી સમગ્ર પંથકમાં ખુશાલી છવાઈ

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૪

ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં ગત માર્ચ-એપ્રિલમાં યોજાયેલી બોર્ડ પરીક્ષાનું પરિણામ તા.૪ જૂનના રોજ જાહેર થયું છે. જેમાં ધનસુરા તાલુકાની આકરૂન્દ હાઈસ્કુલનું કોમર્સ વિભાગનું ૧૦૦ ટકા અને આર્ટસ વિભાગના ૯૩ ટકા ઝળહળતા પરિણામથી ખુશાલી છવાઈ છે. કોરોનાના કારણે છેલ્લા ૨૪ મહિનાથી શાળા છોડી ગયેલા વિદ્યાર્થીઓ એક તબક્કે

અભ્યાસ છોડી દેવાના આરે આવીને ઉભા હતા પરંતુ ઉચ્ચત્તર માધ્યમિક વિભાગના શિક્ષકોએ વિદ્યાર્થીઓના ઘેર..ઘેર પહોંચી તેમને અભ્યાસ માટે પ્રોત્સાહિત કર્યા જેના કારણે આકરૂન્દ હાઈસ્કુલનું ઐતિહાસિક પરિણામ આવતાં કેળવણીકારોએ અભિનંદન આપ્યા છે. શાળાનો અંકીત ભીખાજી પરમાર ૯૯.૯૨ પર્સન્ટાઈલ સાથે પ્રથમ, અમિષા શામળભાઈ દેસાઈ ૯૮.૮૮ પર્સન્ટાઈલ સાથે બીજા, હેત અશોકભાઈ પ્રજાપતિ ૯૮.૭૧ પર્સન્ટાઈલ રેન્ક સાથે ત્રીજા, દીશા સંજયકુમાર પટેલ ૯૬.૫૨ પર્સન્ટાઈલ રેન્ક સાથે ચોથા અને ઝૂલી રઘનાથભાઈ દેસાઈ ૯૬.૩૯ પર્સન્ટાઈલ રેન્ક સાથે પાંચમા સ્થાને રહ્યા હતા.

પ્રાપ્ત જાણકારી અનુસાર શિક્ષણ અને રમત-ગમત ક્ષેત્રે પાછલા દાયકાથી આકરૂન્દ હાઈસ્કુલનો સમગ્ર જિલ્લામાં દબદબો રહ્યો છે. રાજ્યની એકમાત્ર અનુદાન મેળવતી એવી શૈક્ષણિક સંસ્થા છે કે જ્યાં સવારના ૮-૩૦ થી સાંજના ૬-૦૦ સુધી વિદ્યાર્થીઓને અવિરત શિક્ષણ આપવામાં આવે છે. શાળાના શિક્ષકો વિદ્યાર્થીઓના ઘરે જઈને તેમને મૂંઝવતા શિક્ષણને લગતા પ્રશ્નોનું નિરાકરણ લાવી શિક્ષક ઉપરાંત મેન્ટર તરીકેની પણ મહત્વની ભૂમિકા ભજવી રહ્યા છે. જિલ્લામાં સૌથી સારૂ પરિણામ આવે છે અને તેમ છતાં પણ દર વર્ષે નવા શૈક્ષણિક સત્રના આરંભ સાથે જીરો પીરીયડ સાથે ધો.૧૦-૧૨ ના વિદ્યાર્થીઓનું શિક્ષણ કાર્ય શરૂ થાય છે. શાળામાં ટ્યુશન પ્રથા ઉપર સંપૂર્ણ પ્રતિબંધ લાદવામાં આવ્યો છે જેથી ગરીબ પરિવારના બાળકોને પણ નિયમિત શિક્ષકો દ્વારા યોગ્ય રીતે શિક્ષણ અપાય છે. ડિસેમ્બર-જાન્યુઆરીમાં ઓછી સંખ્યામાં શાળામાં વિદ્યાર્થીઓ આવતા હતા જેથી કેળવણી મંડળ દ્વારા આ બાબતને ગંભીરતાપૂર્વક નોંધ લઈ સતત વાલી સંપર્ક અને શિક્ષક-વાલીના સંપર્કો ગાઢ બનાવ્યા પછી શાળામાં વિદ્યાર્થીઓની હાજરીમાં વધારો થયો અને બોર્ડ પરીક્ષાના ૨૦ દિવસ અગાઉ વિદ્યાર્થીઓને સતત બોર્ડના અગાઉના પ્રશ્નપત્રોના સોલ્યુશન ઉપર ભાર મૂકાતાં તેનું શ્રેષ્ઠ પરિણામ આજે નજર સમક્ષ આવ્યું છે. શાળાના આચાર્ય જે.ડી. ભાટી, શિક્ષણ કો.ઓડીનેટર પંકજભાઈ કટારાના માર્ગદર્શન હેઠળ ઉચ્ચત્તર માધ્યમિક વિભાગના શિક્ષક એમ.એ.દેસાઈ, જે.એમ.પટેલ, શાંતિલાલ એન. પટેલ, જલ્પાબેન જે. ગોહેલ, શૈલેષભાઈ પરમાર, તોસીફભાઈ શેખ વગેરેના સંનિષ્ઠ પ્રયાસોથી આકરૂન્દ હાઈસ્કુલ ફરી એકવાર શિક્ષણક્ષેત્રે મેદાન મારવામાં સફળ રહી છે. આકરૂન્દ કેળવણી મંડળના મંત્રી હસમુખભાઈ એન. પટેલ, ઉપપ્રમુખ નરસીદાસ પટેલ, સહમંત્રી દિનેશભાઈ પટેલ, કોષાધ્યક્ષ બિપીનભાઈ પી. પટેલ, આંતરીક ઓડીટર મનુભાઈ બારોટ અને કેળવણી મંડળના સભ્યોએ આકરૂન્દ હાઈસ્કુલના ઉત્કૃષ્ઠ પરિણામ બદલ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા.



### પ્રથમ સ્થાને આવનાર અંકિત પરમાર એ-૧ ગ્રેડ સાથે ઉત્તિર્ણ

આકરૂન્દ હાઈસ્કુલમાં કોમર્સ વિષયમાં પ્રથમ આવનાર અંકિત ભીખાજી પરમાર એ-૧ ગ્રેડ સાથે ઉત્તિર્ણ થયો છે તેને એલીમેન્ટ્સ ઓફ એકાઉન્ટ, સ્ટેટેસ્ટીક્સમાં ૧૦૦માંથી ૯૯, સેક્રેટરીયલ પ્રેક્ટીસ અને ઓ.આર.જી. ઓફ કોમર્સ વિષય પેપરમાં ૯૫-૯૫ ગુણ મેળવી જવલંત સફળતા મેળવી છે. આકરૂન્દ હાઈસ્કુલનું ધનસુરા પરીક્ષા કેન્દ્ર હતું જેમાં આકરૂન્દ હાઈસ્કુલના વિદ્યાર્થીઓએ યશસ્વી પરિણામ મેળવી શાળાને ગૌરવ અપાવ્યું હતું.

### એક તબક્કો એવો આવ્યો વાલીઓ પણ બાળકોને શાળાએ મોકલવા તૈયાર ન હતા

પ્રયત્ન કરવામાં આવે તો ધ્યેય સુધી પહોંચી શકાય છે. પાછલા ૨૪ મહિના દરમ્યાન કોરોનાએ હાહાકાર મચાવ્યો. આકરૂન્દ પંથકમાં કોરોનાના કારણે ૧૦ થી વધુ લોકોના મોત નિપજ્યા અને દહેશત એવી પ્રસરી કે આકરૂન્દ તેમજ આસપાસના ગામડામાંથી શાળામાં આવતા વિદ્યાર્થીઓની સંખ્યા ઘટી ગઈ. જેથી મંડળે આ બાબતને ગંભીરતાપૂર્વક લઈ વિદ્યાર્થીઓ વધુ સંખ્યામાં અભ્યાસ માટે આવે તેવા પ્રયત્નો આદર્યા તેમાં ધીમે ધીમે સફળતા મળી અને શાળા છોડી ગયેલા અનેક વિદ્યાર્થીઓ શાળામાં આવવા લાગ્યા પરંતુ એક તબક્કે વાલીઓ પોતાના સંતાનને કોરોના થઈ જાય અને કંઈક અજુગતું થાય તો તેવી આશંકાએ અમારૂ બાળક ૧ વર્ષ નહીં ભણે.. પરંતુ તેનો જીવ બચવો જોઈએ. શાળાના સ્ટાફની આવા વાલીઓને યોગ્ય સમજાવટ પછી માંડ માંડ શાળામાં મોકલ્યા અને નિયમિત શાળાએ વિદ્યાર્થીઓ આવતાં તેનું પરિણામ આજે નજર સમક્ષ છે. અનેક વાલીઓએ પણ શિક્ષકોની કામગીરીને ખૂલીને વધાવી છે.

### ધાનેરા તાલુકાના માલોત્રા ગામ એ લીલો ઘાસચારો ખાધા બાદ ૨૪ ગાયોના મોત

ધાનેરા તા.૪

ધાનેરા તાલુકાના માલોત્રા ગામે ગૌશાળામાં ૨૪ જેટલી ગાયોના અચાનક મોત ને લઈ ચકચાર મચી જવા પામી છે . આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી.પરમાર નો અહેવાલ જણાવે છે કે ,અચાનક ગાયો તરફડીને ને મોતને ભેટવા લાગતા ગ્રામજનો પણ દોડી આવ્યા હતા અને ગાયોને બચાવવા માટેના પ્રયત્નો હાથ ધર્યા હતા. સમગ્ર બાબતને લઈ રાજકીય અગ્રણીઓ પણ ઘટના સ્થળે આવ્યા હતા ૪૦ જેટલી ગાયોને બચાવી લેવામાં આવી હતી .જ્યારે ૨ ૨ કરતાં વધુ ગાયોના મોત થતાં સમગ્ર ગામમાં ચકચાર મચી જવા પામી છે.

## બાયડની ઋતુ શાહ ધો.૧૨ કોમર્સમાં ૯૯.૯૭ પર્સન્ટાઈલ રેન્ક સાથે ઉત્તિર્ણ

### ચાર્ટડ એકાઉન્ટન્ટ બનવાની તમન્ના



બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૪

બાયડની ઋતુ યોગેશકુમાર શાહ ધો.૧૨ કોમર્સ વિષયમાં બોર્ડની પરીક્ષામાં ૯૯.૯૭ પર્સન્ટાઈલ રેન્ક સાથે ઉત્તિર્ણ થઈ બાયડ તેમજ વૈષ્ણવ સમાજને ગૌરવ અપાવ્યું છે. તેને ચાર્ટડ એકાઉન્ટન્ટ બનવાની તમન્ના વ્યક્ત કરી છે. યોગ્ય આયોજનપૂર્વકની મહેનત હોય તો કોમર્સના વિષયોમાં પણ ધારી સફળતા મેળવી શકાય છે તેમ જણાવ્યું હતું. પ્રાપ્ત જાણકારી અનુસાર બાયડના સહજાનંદપાર્ક સોસાયટીમાં રહેતા યોગેશભાઈ શાહ(કલાપી કંગન સ્ટોર્સ) અને મનિષાબેન શાહ (ઉ.શિ.: વલ્લભનગર પ્રા.શાળા)ની પુત્રી ઋતુ શાહે ચાલુ સાલે લેવાયેલ ધો.૧૨ કોમર્સ વિષયની પરીક્ષા આપી હતી જેનું બોર્ડ દ્વારા શનિવારે પરિણામ જાહેર થયું જેમાં ઋતુ શાહે સ્ટેટેસ્ટીક વિષયમાં ૧૦૦માં થી ૧૦૦, એલીમેન્ટ્સ ઓફ એકાઉન્ટમાં ૯૯, સેક્રેટરીયલ પ્રેક્ટીસમાં ૯૬ અને ઓ.આર.જી.ઓફ કોમર્સ વિષયમાં ૯૮ ગુણ મેળવી બોર્ડ પરીક્ષામાં એ-૧ ગ્રેડ સાથે ૯૯.૯૭ પર્સન્ટાઈલ રેન્ક સાથે ઉત્તિર્ણ થઈને સમગ્રબાયડનગરને ગૌરવ અપાવ્યુંછે.

## બિનસાંપ્રદાયિક દેશમાં આ કેવી સહિષ્ણુતા?

**થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ....?**

બાયડ તા.૪

ભારત કહેવાનો બિનસાંપ્રદાયિક દેશ છે.... 'બંધારણની રીતે અને વ્યવહારિક રીતે પણ આ દેશ સાંપ્રદાયિક જ છે!!બંધારણની રીતે એટલા માટે કે અહીંયા જે તે રાજ્યની સરકાર પોતાની રીતે મનફાવે તેવું સાંપ્રદાયિક વર્તન કરે છે અને વ્યવહારિક રીતે એટલે કે અહીંયા ભારતમાં વસવાટ કરતો પ્રત્યેક નાગરિક કોઈને કોઈ સંપ્રદાયમાં માનવાવાળો છે!! ભારતીય નાગરિક નાસ્તિક તો છે જ નહીં તે કોઈને કોઈ સંપ્રદાય જોડે જોડાયેલો છે... તો પછી ભારત સર્વ સાંપ્રદાયિક રાષ્ટ્ર કહેવાય નહીં કે બિન સાંપ્રદાયિક રાષ્ટ્ર!!

ભારતમાં સૌ રાજકીય પક્ષ પોતાની રીતે ચોક્કસ સંપ્રદાયને રાજી રાખવાની કોશિષ કરે છે... ભાજપ ઉપર આક્ષેપ છે કે તે હિંદૂત્વ ની વાત કરે છે!! ભાજપ બોલે કે ના બોલે હું ભાજપનો વકીલ બનીને કહીશ કે 'હિન્દુસ્તાનમાં વસવાટ કરનાર પ્રત્યેક સંપ્રદાયનો નાગરિક હિન્દૂ જ છે તો ભાજપ હિન્દુત્વની વાત નહિ કરે તો કોની વાત કરશે??' "હિન્દૂ" શબ્દ એક વિશેષણાત્મક શબ્દ છે.... હિન્દુસ્તાનમાં વસવાટ કરનાર નાગરિક હિન્દૂ!! પાકિસ્તાનમાં વસવાટ કરનાર પાકિસ્તાની!! અમેરિકામાં વસવાટ કરનાર અમેરિકન!! અમેરિકન સરકાર અમેરિકનની વાત નહિ કરે અથવા અમેરિકનનું ભલું નહિ વિચારે તો શું પાકિસ્તાનીનું હિત જોવા જશે? આ દ્રષ્ટિકોણથી ભાજપ ક્યાંય ખોટી નથી... હા, ભાજપ સરકાર એવું બોલે કે અમે સ્વામિનારાયણ સંપ્રદાય માટે કામ કરશું, રામાનંદી કે શિવપંથી કે મુસ્લિમ માટે જુદો કાયદો બનાવીશું તો ભાજપ ખોટી છે...

પણ, આ વાત ભાજપ સિવાયના કોંગ્રેસ ઈત્યાદિ પક્ષ કરી રહ્યા છે!! 'હિન્દૂના કોઈપણ પંથમાં માનનાર માટે અલગ કાયદો તો મુસ્લિમ પંથમાં માનવાવાળા માટે સુંવાળો કાયદો!!' અને એટલે જ માનસરોવર યાત્રા ઉપર વેરો હતો ને?? અને મક્કાની હજ માટે સબસીડી!! આ કાયદો કોંગ્રેસનો જ હતો એ ના ભૂલવું જોઈએ... અરે એટલુંજ નહિ હાલમાજ તામિલનાડુના એક ગામમાં બહુસંખ્યક મુસ્લિમ જમાતના લોકોએ હિંદૂ મંદિરની રથયાત્રા તેમજ ઉત્સવો ઉપર પ્રતિબંધ લાગુ કરતી કોર્ટમાં અરજી કરીને કેસ દાખલ કર્યો... કેસ દાખલ કરનારની અરજી સ્વીકારનાર કોર્ટ પણ ખોટી કહેવાય કે તેમણે આ અરજી સ્વીકારી... નીચલી કોર્ટમાં હિંદૂ-મુસ્લિમ બંને પક્ષ તરફથી કેસ દાખલ થયા... કોર્ટનું જજમેન્ટ પણ અચંબામાં મૂકે તેવું હતું કે પ્રતિબંધ આધારિત રથયાત્રા હિંદૂ સમુદાય કાઢી શકશે!! ના હિંદૂ ખુશ કારણકે હિન્દુસ્તાનમાં હિંદૂ રથયાત્રા માટે મર્યાદા? ના મુસ્લિમ ખુશ કે અમે ગામમાં બહુસંખ્યક છીએ તો હિંદૂ રથયાત્રા ના કાઢવા જોઈએ!!

આ મામલો મદ્રાસ હાઈકોર્ટ ગયો તેમણે પણ એનો એજ નીચલી અદાલતનો ચુકાદો માન્ય રાખ્યો!! પણ, આ વાતથી અસંતુષ્ટ હિંદૂ-મુસ્લિમ પક્ષે હાઈકોર્ટની ડિવિઝન બેન્ચમા પોતાનો કેસ દાખલ કર્યો... ત્યારે ડિવિઝન બેન્ચના જજનું નિવેદન અને હુકમ સરાહનીય હતો... તેમણે ચુકાદો આપ્યો કે હિન્દૂ બે રોકટોક રથયાત્રા કાઢી શકશે અથવા તહેવાર ઉજવી શકશે... આ ગામમાં મુસ્લિમ બહૂસંખ્યક છે પણ હિન્દુસ્થાનના ૮૦% ગામડાઓમાં હિંદૂ બહૂસંખ્યક છે અને આ હિંદુઓ આવી મનાઈ કરતી અરજી કોર્ટમાં દાખલ કરશે તો મુસ્લિમોનું શુ થશે? આટલી નાની વાત જજ સમજી ગયા પણ તામિલનાડુની સ્ટાલિન સરકાર નહોતી સમજતી!! તામિલનાડુ સરકાર આજે પણ હિંદૂ મંદિરોમાં ૮.૫ રૂ પ્રતિ યુનિટ વિજબીલ વસુલે છે જ્યારે મસ્જિદ કે ચર્ચના વિજબીલનો ભાવ ૨.૫ રૂ પ્રતિ યુનિટ છે!! મુસ્લિમ મૌલવીઓની પણ અજીબ વાતો હોય છે, ગેકાયદેસર મસ્જિદ કે દરગાહ ઉપર બુલડોઝર ફરે ત્યારે કોર્ટમાં દોડી જાય છે અને કોર્ટ હિઝાબ પર પ્રતિબંધ લગાવે તો કુરાનનો સહારો લે છે!!!

તો આ કેવો ભેદભાવ?? આ કેવી બિનસાંપ્રદાયિકતા?? અહિયાતો સહિષ્ણુતા મરી પરવારી છે!! અને આ હાલત તામિલનાડુની નહિ પણ પ્રત્યેક એવા રાજ્યોની છે કે જ્યાં ભાજપ સિવાયના પક્ષની સરકાર છે!! અહીંયા હિન્દુસ્તાનના હિન્દુઓની પરવાહ જરાય નથી.... ચિંતા છે તો મુસ્લિમ કે ઈસાઈ લોકોની જે ખરેખર હિંદુસ્તાનના વતની જ નથી... 'આ તમામ એવી સરકારો છે જે ૨૦% મતની પાછળ પાગલ બનીને ૮૦% હિંદુઓની ઉપેક્ષા કરી રહી છે!!' પરંતુ જ્યારે ઉદાર મતવાદી હિંદૂ જાગી ગયો ત્યારે આવા તમામ પક્ષને દેશવટો મળશે તે નક્કી જ છે!

## જીવનનો ધબકાર, એક માત્ર પૃથ્વી પર જ છે

# પ્રકૃતિ સાથે સૌમ્ય સુમેળ સાધી જીવનને સતત ચેતનમય રાખીએ

બ્રહ્માંડમાં એક માત્ર પૃથ્વી ગ્રહ પર જ જીવસૃષ્ટિ છે. વીતેલા હજારો વર્ષોથી, મનુષ્ય ઈકોસિસ્ટમ્સ સાથે સહઅસ્તિત્વ ધરાવે છે. જો કે, જેમ જેમ માનવ વસ્તીનો વધારો થયો રહ્યો, તેમ તેમ લોકોએ ઈકોસિસ્ટમ પર અતિક્રમણ કરીને પ્રભુત્વ જમાવવા લાગ્યા છે. લોકોના આ પગલાંથી સમૃદ્ધ બાયોડાય્વર્સિટીને માઠી અસરો થઈ છે. આથી, કુદરતી રીતે માનવજાતિને મળી રહેલ પ્રકૃતિની મહત્વપૂર્ણ પોષક સેવાઓ કથળીને સીમિત બની રહી છે. ક્લાયમેટ ચેન્જથી સર્જાતી અનિશ્ચિત પરિસ્થિતિઓ, પ્રકૃતિ તેમજ બાયોડાય્વર્સિટીની થઈ રહેલ દુર્દશા, ઉપરાંત દરરોજ વધતું પ્રદૂષણ, તથા આપણી આસપાસ જુદાજુદા પ્રકારના કચરાના ખડકાતા ઢગલા, વધી રહ્યા છે. સાથોસાથ, બીજી તરફ, દુનિયામાં આવકના સાધનો, બે ટંકનો ખોરાક, રહેવા માટે આશ્રય, આરોગ્યની દેખભાળ તેમજ પાયાના શિક્ષણથી અબજો લોકો વંચિત રહે છે. તાજેતરમાં સમગ્ર વિશ્વને હચમચાવનાર 'કોવિડ-૧૯'ની વૈશ્વિક મહામારીથી પ્રભાવિત થયેલ ઊર્જા અને ખોરાકની અછતથી સર્જાયેલ કટોકટી, ઉપરાંત માનવ સંઘર્ષો પણ વધુમાં હવે ચિંતાજનક કારણો બન્યા છે.

આપણી પૃથ્વી કટોકટીનો સામનો કરી રહી છે, તેવા સંકેત આપે છે. પૃથ્વીનું ક્લાયમેટ સામાન્ય સરેરાશથી વધુ ઝડપી ગરમ થઈ રહ્યું છે. લગભગ ૧૦ લાખ પ્રજાતિઓ લુપ્ત થવાનો ઓથા હેઠળ જીવે છે. પ્રદૂષણ, આપણી ચોમેર હવા, જમીન અને પાણીને વિષમય કરી રહ્યું છે. વિશ્વ ફલક પર ઉદ્યોગોના પ્રારંભ પૂર્વે પૃથ્વીનું જે તાપમાન હતું, તેના કરતાં હવે ૧ ડિગ્રી સેલ્સિયસ વધ્યું છે. પરિણામે, ઋતુચક્રના સમયગાળામાં અનિયમિત બદલાવ જોવા મળે છે. કુદરતી વાવાઝોડાંના તોફાનો, નદીઓમાં ભયાનક પૂર, દુષ્કાળ, ગરમીનો પ્રકોપ, તેમજ જંગલોમાં વારંવાર ફેલાતી ભીષણ આગની ઘટનોઓ વિનાશક બની રહી છે. ક્લાયમેટની સર્જાતી કટોકટી પ્રકૃતિ પર બોજો ઊમેરી રહી છે. જીવસૃષ્ટીની પ્રજાતિઓ ઈકોસિસ્ટમ સાથે તાલમેળ માટે સંઘર્ષ કરી રહી છે. નિરંકુશ માનવ વસવાટોના નિરંકુશ વસવાટો તેમજ ખેતી માટે જંગલોને વેરાન કરતી વનછેદનની બેફામ પ્રવૃત્તિઓના કારણે, વરસાદના કૃપાપાત્ર જંગલોથી લઈને વૅટલેન્ડસ્ વિસ્તારોમાં જીવન ટકાવતી જીવસૃષ્ટિ માઠી અસરોથી ઘટી રહી છે. દરિયામાં માછીમારીના અતિરેક, તેમજ ગેરકાયદેસર વન્યપ્રાણીઓના થઈ રહેલા વેપલાને દુર્લભ વનસ્પતિઓ તેમજ પ્રાણીઓની વસ્તીમાં ઘટાડો થઈ રહ્યો છે. આપણી આધુનિક જીવનશૈલી નિભાવવા માટે દિનપ્રતિદિન વધતી જરૂરિયાતોની માંગ, તથા વાસ્તવિક ખર્ચાઓ વચ્ચેનું અંતર વધી રહ્યુ છે.

પ્રકૃતિ અને બાયોડાય્વર્સિટીનું નુકશાનઃ ઈકોસિસ્ટમનું ધોવાણ થવાથી આશરે ૩૨૦ કરોડ લોકો એટલે કે, વિશ્વવસ્તીના ૪૦ ટકા લોકોના સ્વાસ્થ્યને આડ અસર કરે છે. ઈકોસિસ્ટમની જે ભૂમિમાં, લોકોએ અતિક્રમણથી આધિપત્ય કર્યું છે, તેવા વિસ્તારોના ૧૫ ટકા હિસ્સામાં, જો ઈકોસિસ્ટમને પૂર્વવત્ કરવામાં આવે, સાથોસાથ ઈકોસિસ્ટમના બાકીના વિસ્તારને માનવીના સકંજામાં જતું અટકાવવાથી, ચોક્કસ પ્રકારની ૬૦ ટકા પ્રજાતિઓને લુપ્ત થતી ટાળી શકાય તેમ છે. વિશ્વમાં આશરે એક તૃતીયાંશ ખેતીલાયક ભૂમિ, બેહાલ બની છે. દુનીયાભરમાં ભૂમિ પરના આશરે ૮૭ ટકા વૅટલેન્ડ્સ નામશેષ બની ગયા છે. વાસ્તવિકતા એવી બની છે કે, ખેતી લાયક તમામ ભૂમિ પૈકીની ૮૦ ટકા જમીન, લોકો માટે દૂધ કે માંસાહાર મેળવવાના પશુઓ ઉછેરવા તેમજ આવા પ્રાણીઓના ઘાસચારા માટે જ રોકાયેલી છે. સરવાળે હકીકત એવી બની રહી છે કે, આવી સમગ્ર ખેતીલાયક જમીનમાંથી થતી ઉપજમાંથી માનવીઓને માત્ર ૨૦ ટકા જ કેલરી મળે છે !

પ્રદૂષણઃ વાયુ પ્રદૂષણના કારણે વિશ્વભરમાંથી દર વર્ષે લગભગ ૭૦ લાખ લોકોનું અકાળે અવસાન થાય છે. દર ૧૦ વ્યક્તિઓમાંથી ૯ લોકોના સ્વાસ્થ્ય માટે અશુદ્ધ હવા પર્યાવરણીય જોખમ છે. વિશ્વમાં માત્ર ૫૭ ટકા દેશોએ વાયુ પ્રદૂષણ અંગે કાયદો બનાવ્યો છે. વર્ષ ૨૦૧૯ દરમિયાન ૯૨ ટકા લોકોને હવા પ્રદૂષણનો અહેસાસ થયો હતો. ભૂમિજળ તેમજ ભૂગર્ભ જળસ્રોતોના પાણીની ગુણવત્તા આરોગ્યપ્રદ છે કે કેમ ? તેવી માહિતીથી અજાણ એવા ૩૦ કરોડથી વધુ લોકો વિશ્વમાં જોખમ વહોરી રહ્યાં છે.

કચરોઃ એક જાણકારી મુજબ, વર્ષ ૨૦૧૬ દરમિયાન, લગભગ ૯૦થી ૧૪૦ લાખ ટન પ્લાસ્ટિક કચરો સમુદ્ર સહિતની જળયુક્ત ઈકોસિસ્ટમમાં ભળ્યો હતો. એક અંદાજ મુજબ, વર્ષ ૨૦૪૦ સુધીમાં, આશરે ૨૩૦થી ૩૭૦ લાખ ટન પ્લાસ્ટિક કચરાનો જથ્થો વધવાની શક્યતા છે. પ્રવાસન, મત્સ્યઉદ્યોગ અને જળચર ઉછેર વિસ્તારોમાંથી નીપજતા પ્લાસ્ટિકથી થતા દરિયાઈ પ્રદૂષણનું કુલ વૈશ્વિક આર્થિક મૂલ્ય, ૬૦થી ૧૯૦ કરોડ અમેરિકન ડોલર હોવાનો અંદાજ છે. વર્ષ ૧૯૫૦થી ૨૦૧૭ દરમિયાન, ઉત્પાદન થયેલ અંદાજિત ૯૨ કરોડ ટન પ્લાસ્ટિક પૈકી ૭૦ કરોડ ટન પ્લાસ્ટિકનો કચરો થયો છે.

વિશ્વ સમુદાયઃ વિશ્વ પર્યાવરણ દિનના કાર્યક્રમો, પર્યાવરણને સુરંગત સકારાત્મક પરિવર્તન માટે પ્રેરકબળ પ્રદાન કરતું વૈશ્વિક મંચ છે. વિશ્વમાં ૧૫૦થી વધુ દેશોની સરકારો, વ્યાપારિક ગૃહો, નાગરિક મંડળીઓ, શિક્ષણ સંસ્થાઓ, દેશ-વિદેશની જાણીતી પ્રતિભાઓ, શહેરો અને નગરો તેમજ જનસમુદાયો, પર્યાવરણ દિનના કાર્યક્રમોમાં સામેલ થઈને, જનજાગૃતિ ફેલાવીને, પર્યાવરણને અનુરૂપ પગલાં લઈ રહ્યાં છે.

વર્ષ ૧૯૭૪થી, આપણી પૃથ્વીના પર્યાવરણની સુરક્ષા કાજે, વિશ્વભરમાં દર વર્ષે ૫મી જૂનના દિવસને, વિશ્વ પર્યાવરણ દિન તરીકે ઉજવવામાં આવે છે. વર્ષ




૧૯૭૨માં, યુનાઈટેડ નેશન્સની સ્ટોકહોમ ખાતે મળેલ 'માનવ પર્યાવરણ' વિષયક પહેલી પરિષદ મળી હતી. વર્તમાન વર્ષ ૨૦૨૨, આ ઐતિહાસિક ઘટનાની ૫૦મી વર્ષગાંઠ હોય, 'સ્ટોકહોમ ૫૦' ટૅગથી ઉજવાઈ રહી છે.

વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી સાથોસાથ 'સ્ટોકહોમ ૫૦'ના કાર્યક્રમો સામેલ કર્યા છે. સ્વીડન દેશનું લક્ષ્ય વર્ષ ૨૦૪૫ સુધીમાં 'નેટ-શૂન્ય' ઉત્સર્જન હાંસલ કરવાનું છે. અર્થાત્ પરંપરાગત ઊર્જાથી ઉત્સર્જિત થતા વાયુ પ્રદૂષકોના ઉત્સર્જનની સ્થિતિ શૂન્ય સ્તરે લાવવા માટે પુનઃપ્રાપ્ય બીન પરંપરાગત સંસાધનો આધારિત વ્યવસ્થાઓ ઊભી કરી રહ્યું છે. આ દેશની અર્થવ્યવસ્થાને પર્યાવરણને અનુકૂળ બનાવવામાં આવી રહી છે. હાલમાં આ દેશ, કાર્બનના ઉત્સર્જનમાં ઘટાડો કરી રહેલ છે. સાથોસાથ, માળખાકીય સુવિધાઓમાં આધુનિક ટેકનોલોજી ઝડપથી સામેલ કરવામાં સ્વીડન અગ્રેસર છે. વિશ્વ પર્યાવરણ દિન-૨૦૨૨ના મુખ્ય કાર્યક્રમનું યજમાનપદ સ્વીડનને મળ્યું છે.

આંતરરાષ્ટ્રિય સંસ્થા યુનાઈટેડ નેશન્સ દ્વારા દર વર્ષે વિશ્વ પર્યાવરણદિન નું વિષયવસ્તું નક્કી કરે છે. ચાલુ વર્ષના વિશ્વ પર્યાવરણ દિન-૨૦૨૨નું વિષયવસ્તુ/સૂત્ર અંગ્રેજીમાં 'ઓન્લી વન અર્થ' જાહેર કરીને ટૅગલાઈન "લિવિંગ સસ્ટેનેબલી ઈન હાર્મનિ વિથ નેચર' પણ સામેલ કર્યુ છે. બન્ને શીર્ષકોની સરળ સમજ માટે અનુક્રમે, 'જીવનનો ધબકાર, એક માત્ર પૃથ્વી પર જ છે...' તેમજ 'પ્રકૃતિ સાથે સૌમ્ય સુમેળ સાધી જીવનને સતત ચેતનમય રાખીએ...', એમ કહી શકાય છે. વિશ્વ પર્યાવરણદિન-૨૦૨૨ના રોજ, ૧૫૦થી વધુ દેશો પર્યાવરણને અનુરૂપ પગલાં લેવા અંગે જનજાગૃતિ ફેલાવવા માટે સદર દિનના કાર્યક્રમોમાં ભાગ લઈ રહ્યા છે. બ્રહ્માંડમાં અબજો તારાવિશ્વો/ગેલેક્ષી છે. આપણી આકાશગંગામાં અબજો ગ્રહો છે. પરંતુ, સમગ્ર બ્રહ્માંડમાં માત્ર પૃથ્વી અજોડ અને એક જ ગ્રહ છે. આપણી પૃથ્વીની દુર્દશા કરતી ઘણી પરિસ્થિતિઓને પૂર્વવત્ કરીને તેની સુરક્ષા કરવા, વૈશ્વિક સ્તરે સામૂહિક ધોરણે ઉત્સાહભેર પરિવર્તન કરવાના પગલાં લેવા માટે સદર વિષયવસ્તુ થકી આહવાન કર્યુ છે.

લેવડ-દેવડ અને સમાજ વ્યવસ્થાઓમાં વાજબી તેમજ પ્રકૃતિ સાથે વધુ સુમેળ સાધે તેવા પગલાંનો સમાવેશ કરવા માટે આપણે ઉચિત બદલાવ લાવવાની જરૂર છે. સરકારો તેમજ ખાનગી ક્ષેત્રોમાં મોટા પાયે બદલાવ લાવવાની જાગૃતિ માટે, વ્યક્તગત તેમજ નાગરિકોના સમુદાયો, ચાવીરૂપ ભૂમિકા અદા કરે તેવી અપેક્ષા છે. આપણે વ્યક્તિગત પણ ઘણા કાર્યો કરી શકીએ છીએ, જેમ કે, -

- પીણાં પીવા માટે પ્લાસ્ટિક સ્ટ્રોનો ઉપયોગ બંધ કરીએ. પ્લાસ્ટિકની ચીજ-વસ્તુઓ જેવી કે કટલરી, આઈસ્કીમના કપ, સ્ટ્રો, ગ્લાસ, કાંટા ચમચી તથા ચમચી, પ્લેટ્સ, ફ્લેગ્સ, ફુગ્ગા ભરવવાની સળી, કાનનો મેલ કાઢવાની દંડી, કેન્ડી સ્ટીક્સ, ટ્રે, છરી-ચપ્પાઓ, સ્ટર્ર, સિગારેટના બોક્સ પરનું રેપર, મીઠાઈના બોક્સ, પ્રસંગોચિત કાર્ડ, શણગાર માટે થર્મોકોલ, પીવીસી બેનર, વગેરેનો ઈનકાર કરીએ.
- વારંવાર ઉપયોગમાં લેવાય તેવા ચા/કોફીના પ્યાલા, પાણીની બોટલ તેમજ પૅક કરેલ ખોરાકની પોતાની આગવી સાધન-સામગ્રી કામકાજના સ્થળે કે આઉટિંગ દરમિયાન સાથે રાખીને વાપરીએ.
- આપણા રોજીંદા પ્લાસ્ટિકના વપરાશમાં ઘટાડો કરવા નવી ટેવો પાડીને, આપણી પ્લાસ્ટિક ફૂટપ્રિન્ટ મર્યાદિત કરીએ.
- નદીની સફાઈ કરીએઃ સ્વચ્છ નદી જોવી સૌને ગમશે. સ્વચ્છતાથી નદીની ઈકોસિસ્ટમને તેમજ સમુદ્રને ફાયદો થશે.
- ટકાઉ ચીજ-વસ્તુઓની ખરીદી કરીએઃ પ્લાસ્ટિકના પેકેજિંગ વગરનો ખોરાક ખરીદવાનું પસંદ કરીએ. પુનઃ વાપરી શકાય તેવી બેગ સાથે રાખીએ. સ્થાનિક સ્તરે ઉગાડવામાં આવતી કે ઉત્પાદિત થતી ચીજ-વસ્તુઓ ખરીદીએ. પ્લાસ્ટિકનો કચરો ઘટાડવા માટે ઉચિત કન્ટેનરમાં રિફિલ કરાવીએ.
- ઝીરો-વૅસ્ટ જીવનશૈલી અજમાવીએઃ ઝીરો-વૅસ્ટ નીપજાવતા ચેમ્પિયન બનીએ. સમુદ્રને અનુરૂપ હોય, તેવી ચીજ-વસ્તુઓ વસાવીએ. વાંસના ટૂથબ્રશ અને શેમ્પૂ બાર, મહિલાઓ માટે માસિક-કપ, વગેરેનો ઉપયોગ કરીએ.
- પર્યાવરણને સાનુકૂળ મુસાફરી કરીએઃ રજા માણવા જ્યાં પણ જઈએ, ત્યાં સિંગલ યુઝ પ્લાસ્ટિકનો કેટલો ઉપયોગ થાય છે, તેનું ધ્યાન રાખીએ. હોટેલ રૂમમાં અપાતી નાની પાણીની બોટલ વાપરવાનો ઈનકાર કરીએ. વારંવાર ઉપયોગમાં લેવાય તેવી પોતાની પાણીની બોટલનો ઉપયોગ કરીએ. માઈક્રો પ્લાસ્ટિક રહિત મળતી રીફ-સેફ સનસ્કીનનો ઉપયોગ કરીએ.
- પરિવર્તનના હિમાયતી બનીએઃ આપણે ત્યાં સ્થાનિક સુપરમાર્કેટ, રેસ્ટોરાં તેમજ ચીજ-વસ્તુઓના સ્થાનિક સપ્લાયર્સને પ્લાસ્ટિક પેકેજિંગનો ઉપયોગ ન કરવા જણાવીએ. તેમજ તેના વપરાશથી થતી હાનીના કારણો જણાવીએ.
- કચરાના વ્યવસ્થાપનને સુધારવાની ફરજ પાડવા સ્થાનિક સત્તાધીશો પર દબાણ લાવીએ.
- ટકાઉ પોશાક પહેરીએઃ વૈશ્વિક ગંદાપાણીના ૨૦ ટકા અને વૈશ્વિક કાર્બન ઉત્સર્જનના ૧૦ ટકા ફેશન ઉદ્યોગોની નીપજ છે. ટકાઉ કપડાં પસંદ કરીએ, પુરાણી ચીજ-વસ્તુઓની દુકાનોમાંથી ખરીદી કરીએ. વળી, શક્ય હોય તો આપણા કપડાંની મરામત કરીને જરૂરિયાતમંદોને આપીએ.
- પ્લાસ્ટિક-ફ્રી પર્સનલ કેર પ્રોડક્ટ્સ પસંદ કરીએઃ પર્સનલ કેર પ્રોડક્ટ્સ એ માઈક્રો-પ્લાસ્ટિકનો મુખ્ય સ્રોત છે. આ માઈક્રો-પ્લાસ્ટિક, આપણા બાથરૂમમાંથી ગટર, નદી-નાળાં મારફતે સમુદ્રમાં ઠલવાઈ રહ્યું છે. પ્લાસ્ટિક-ફ્રી હોય તેવા ફેસ વૉશ, ડે-ક્રીમ, મેકઅપ, ડિઓડર્ન્ટ, શેમ્પૂ અને અન્ય ઉત્પાદનો વાપરીએ.
- પુનઃપ્રાપ્ય ઊર્જામાં રોકાણ કરવાથી આર્થિક પ્રગતિનું ઉત્તમ વળતર મળે છે.

જીવનનો ધબકાર, એક માત્ર આપણી પૃથ્વી પર જ હોય, પ્રકૃતિ સાથે સૌમ્ય સુમેળ સાધીએ. જીવસૃષ્ટિના જીવનને સતત ચેતનમય રાખવા માટે આપણા ગ્રહનું રક્ષણ કરવાની આપણી જવાબદારી નિભાવીએ.

નરેશ ઠાકર, પૂર્વ પી.આર.ઓ., જીપીસીબી
- nareshkthakar@gmail.com